# નિયમોનુંસાર નિકાલ કરીએ બાયો-મેડિકલ વૅસ્ટ,
# પર્યાવરણ સંરક્ષણની ફરજ બજાવીએ બેસ્ટ.


લેખનઃ નરેશ ઠાકર, પૂર્વ જન સંપર્ક અધિકારી, જીપીસીબી

સંકલનઃ પાર્થિક સોની, મદદનીશ પર્યાવરણ ઈજનેર
વિજય રાખોલીયા, નાયબ પર્યાવરણ ઈજનેર
પી. જે. વાછાણી, વરિષ્ઠ પર્યાવરણ ઈજનેર

માર્ગદર્શનઃ અરવિંદ અગ્રવાલ, આઈએએસ, અધ્યક્ષ
હાર્દિક શાહ, આઈએએસ, સભ્ય સચિવ



## ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

પર્યાવરણ ભવન, સેક્ટર ૧૦એ-, ગાંધીનગર ૩૮૨૦૧૦

ટેલી ૦૭૯ .– ૨૩૨૩૨૧૫૨ ફેક્સઃ ૦૭૯ – ૨૩૨૨૨૭૮૪www gpcb.gov.i n

## ૧. બાયો-મેડિકલ વૅસ્ટનો અલાયદો નિકાલ કરીએ

પર્યાવરણની જાળવણીમાં સ્વચ્છતાનું મહત્વ હવે સમગ્ર વૈશ્વિક સ્તરે ધ્યાન પર લેવાય છે. સમાજના વિવિધ વર્ગોમાં પણ શહેર, નગર અને ગામોમાં પ્રવર્તતી પરિસ્થિતિઓમાં ભારે સુધારા કરવાની વ્યાપક ઝુંબેશ આગળ ધપી રહી છે. આ સંજોગોમાં, ઉદ્યોગોનો કચરો, નગરનો કચરો, જોખમી કચરો, ચેપી કચરો, વગેરે વિવિધ કચરાની સમસ્યાઓના વ્યવહારૂ હલ માટે દેશમાં કાયદાઓનું અમલીકરણ વધી રહ્યું છે. આવા જ એક જનજીવનના આરોગ્યને સીધી અસર કરતા જૈવિક તબીબી કચરાના નિયમોમાં વિતેલા વર્ષોના અનુભવો સાથે જરુરી ફેરફારો ધ્યાને લઇને બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપન નિયમો, ૨૦૧૬ના નામે કાયદારૂપે નિયમોનો સૌએ અમલ કરવાનો છે.આ માર્ગદર્શિકામાં તબીબી વ્યવસાય સાથે વ્યાપક ચલણના અંગ્રેજી શબ્દોનો ઉપયોગ પણ હવે પછીના સમગ્ર લખાણમાં ધ્યાને લઇ વ્યહારૂ અભિગમ અપનાવ્યો છે.

સ્થાનિક ભાષામાં બાયો-મેડિકલ વૅસ્ટને જૈવિક તબીબી કચરો પણ ગણાય છે. જે વ્યવહારમાં ટૂંકા શબ્દ 'બીએમડબ્લ્યૂ'થી પણ ઓળખાય છે. જનસમૂદાયોના આરોગ્યની જાળવણીમાં બાયો-મેડિકલ વૅસ્ટને અલાયદો નિકાલ કરવાની બાબત જ મહત્વની ગણવામાં આવી છે. આથી આ કાયદાની ઝીણીમાં ઝીણી બાબતો સમજીએ અને તેના સચોટ અમલીકરણમાં સહયોગી બનીએ.

## ૨. બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપનના નિયમો ૨૦૧૬ કોને લાગુ પડે છે?

હૉસ્પિટલ્સ/ચિકિત્સાલય, નર્સિંગ હોમ્સ/પરિચર્યાગૃહ,ક્લિનિક્સ/નિદાનગૃહ, ડિસ્પેન્સરિઝ/દવાખાનું, વેટનરી/પશુજૈવિક સંસ્થાઓ, એનિમલ હાઉસ/પશુ-ઢોરવાળા, પેથોલોજીકલ લેબોરેટરી/રોગવિજ્ઞાન-વિષયક પ્રયોગશાળા, બ્લડ બેન્ક્સ, આયુષ હૉસ્પિટલ્સ, ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ્સ, સંશોધન કે શૈક્ષણિક સંસ્થાઓ,હેલ્થ કૅમ્પ્સ/, મેડિકલ અથવા સર્જીકલ કૅમ્પ્સ, વેક્સિનેશન/રસીકરણ શિબિરો, બ્લડ ડોનેશન/રક્તદાન શિબિરો, શાળાઓમાં ફર્સ્ટ-એઇડ/પ્રાથમિક સારવારના રૂમ્સ, ફોરેન્સીક લેબોરેટરી એન્ડ રિસર્ચ લેબ્સ, સહિત કોઇપણ રૂપે બાયો-મેડિકલ વૅસ્ટ નીપજાવતી/પેદા કરતી, ભેગો કરતી, સંગ્રહ કરતી, ટ્રાન્સપોર્ટ કરતી, ટ્રિટ કે પદ્ધતિસર પ્રક્રિયા કરતી, નિકાલ કરતી અથવા હેન્ડલિંગ/જાળવણી કરતી તમામ સંસ્થા વ્યક્તિઓએ આ બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપન નિયમોનું ફરજીયાત પાલન કરવાનું છે.

## ૩. બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬માંથી કોને મુક્તિ મળી છે?

અપવાદરૂપે નીચે દર્શાવેલ સાત અન્ય કાયદાઓ હેઠળના વૅસ્ટને બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપન નિયમો લાગુ પડતા નથી.

૧). એટમિક એનર્જી અધિનિયમ, ૧૯૬૨ હેઠળ રેડિયો એક્ટિવ વૅસ્ટ.

૨). મેન્યૂફેક્ચર, સ્ટોરેજ એન્ડ ઇમ્પોર્ટ ઓફ હેઝાર્ડ્સ કેમિકલ્સ નિયમો, ૧૯૮૯ હેઠળનો વૅસ્ટ.

૩). ઘન કચરા વ્યવસ્થાપન  નિયમો ૨૦૧૬ હેઠળ નગરના સોલીડ વૅસ્ટ.

૪). બૅટરી (વ્યવસ્થાપન અને જાળવણી) નિયમો, ૨૦૦૧ હેઠળ લૅડ એસીડ બૅટરિઝનો વૅસ્ટ.

૫). જોખમી કચરો (વ્યવસ્થાપન, જાળવણી અને સીમાપાર હેરફેર) નિયમો, ૨૦૦૮ હેઠળ હેઝાડ્ર્સ/જોખમી કચરો.

૬). ઇ-વૅસ્ટ (વ્યવસ્થાપન) નિયમો, ૨૦૧૬ હેઠળ ઇ-વૅસ્ટ.

૭). ઉત્પાદન, ઉપયોગ, આયાત, નિકાસ અને સંગ્રહ જોખમી માઇક્રોઓર્ગેનિઝમ્સ, જીનેટિકલી એન્જિનિયર્ડ માઇક્રોઓર્ગેનિઝમ્સ અથવા કોષો, નિયમો, ૧૯૮૯ હેઠળ જોખમી માઇક્રોઓર્ગેનિઝમ્સ, જીનેટિકલી એન્જિનિયર્ડ માઇક્રોઓર્ગેનિઝમ્સનો વૅસ્ટ.

૪. બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬માં ઉલ્લેખ થયેલ અગત્યની શબ્દોની સમજૂતી

**'ઓથોરાઇજેશન'** - બાયો-મેડિકલ વૅસ્ટના નિયમો તેમજ કેન્દ્ર સરકારે કે કેન્દ્રીય પ્રદષણ નિયંત્રણ બોર્ડે સમયાંતરે આપેલ માર્ગદર્શક સૂચના મુજબ બાયો-મેડિકલ વૅસ્ટને પેદા કરવા, ભેગો કરવા, મેળવવા, સંગ્રહ કરવા, ટ્રાન્સપોર્ટ કરવા, પદ્ધતિસર ટ્રિટમેન્ટની યોગ્ય પ્રક્રિયા કરવા, પ્રોસેસિંગ કરવા, આખરી નિકાલ કરવા અથવા કોઇપણ રૂપે જાળવણી કરવા માટે સક્ષમ ઓથોરિટી કે સત્તાધિકારીએ આપેલ મંજૂરીને **ઓથોરાઇજેશન' તરીકે ઓળખાય છે.**

**'ઓથોરાઇઝ્ડ પર્સન'** - નિયત ઓથોરિટી(સત્તાધિકારી)એ,બાયો-મેડિકલ વૅસ્ટના નિયમો તેમજ કેન્દ્ર સરકાર કે કેન્દ્રીય પ્રદષણ નિયંત્રણ બોર્ડે સમયાંતરે આપેલ માર્ગદર્શક સૂચના મુજબ બાયો-મેડિકલ વૅસ્ટને પેદા કરવા, ભેગો કરવા, મેળવવા, સંગ્રહ કરવા, ટ્રાન્સપોર્ટ કરવા, પદ્ધતિસર ટ્રિટમેન્ટની યોગ્ય પ્રક્રિયા કરવા, પ્રોસેસિંગ કરવા, આખરી નિકાલ કરવાઅથવા કોઇપણ રૂપે જાળવણી કરવા માટે જે તે 'ઓક્યૂપાયર' કે 'ઓપરેટર'-  (બાયો-મેડિકલ વૅસ્ટ ફેસિલિટીના અધિકૃત વ્યક્તિ કે માલિકે,મંજૂરી આપેલ હોય તે વ્યક્તિ કે માલિક**'ઓથોરાઇઝ્ડ પર્સન'** ગણાય છે.

**'બાયોલોજીકલ'**નો મતલબ ઉપરોક્ત નિયમો હેઠળ, માનવ કે પશુના શારીરિક નિદાન, રોગપ્રતિકારકના ઉદ્દેશથી તેના અંગો કે માઇક્રો ઓર્ગેનિઝમ્સ કે મેટાબોલિકની ઉપજ, તેમજ બાયો-કેમિકલ રિએક્શનની તૈયારી માટેના પદાર્થોને **'બાયોલોજીકલ'** તરીકે ઓળખવાના છે.

**'બાયો-મેડિકલ વૅસ્ટ'** - બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપન નિયમોના શેડ્યૂલ-૧માં દર્શાવેલ માનવઅંગના વૅસ્ટ, પશુઅંગના વૅસ્ટ, લોહી કે શરીરના અન્ય પ્રવાહીવાળું ડ્રેસિંગ્સ, પ્લાસ્ટરના પાટાપિંડી, ખરડાયેલા રૂના પૂમડાં, લોહીવાળા નકામા અન્ય પદાર્થો, અવધિ પૂર્ણ થયેલ બીનઉપયોગી દવાઓ, બાયોલોજીકલ



અને ચેપ પ્રતિકારક પદાર્થોની બીનઉપયોગી ચીજ-વસ્તુઓ, સિલ્વર એક્સ-રે ફિલ્મ, ફિલ્મ ડેવલપિંગ પ્રવાહી, બીનઉપયોગી ફોર્મેલિન, લેબોરેટરીમાંથી નીપજતા ચેપી પ્રવાહીઓ, ફ્લોર વૉશિંગ, ક્લિનીંગ, હાઉસકિપીંગ તેમજ ચેપ પ્રતિકારક પ્રવૃત્તિઓ, માઇક્રો-બાયોલોજી, બાયોટેક્નોલોજી તેમજ અન્ય ક્લિનિકલ લેબોરેટરીનો વૅસ્ટ, (રિસાઇક્લેબલ) ચેપગ્રસ્ત/ કોન્ટામિનેટેડ વૅસ્ટ, સોય, સિરિંજ, બ્લેડ, વગેરે જેવા ધાતુઓ સહિતના તીક્ષ્ણ/ ઇજાકારક વસ્તુઓનો વૅસ્ટ, ગ્લાસવૅર, મેટાલિક બોડી ઇમ્પ્લાંટ્સ, વગેરે વેસ્ટ **'બાયો-મેડિકલ વૅસ્ટ'**તરીકે ઓળખાય છે.

**'બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ અને આખરી નિકાલની ફેસિલિટી'**- બાયો-મેડિકલ વૅસ્ટની ટ્રિટમેન્ટ, નિકાલ અથવા આવી ટ્રિટમેન્ટના સંદર્ભે ઇન્સિડેન્ટલ પ્રોસેસિસ સહિત તેનો આખરી નિકાલ કરવા માટેની સામૂહિક ધોરણે કાર્ય કરતી ફેસિલિટી/સુવિધાના સ્થળને 'બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ અને આખરી નિકાલની ફેસિલિટી' તરીકે ઓળખાય છે. આવી ફેસિલિટી **સીબીએમડબ્લ્યૂટીએફ- કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટી** તરીકે પ્રચલિત છે.




**'હેન્ડલિંગ'**- બાયો-મેડિકલ વૅસ્ટના સંદર્ભમાં આવો વૅસ્ટ ઉત્પન્ન કરવો, તેનું વર્ગીકરણ, છૂટો પાડવો, એકત્રિત કરવો, ઉપયોગ, સંગ્રહ કરવો, પેકેજિંગ, વાહનમાં ચઢાવવો, ટ્રાન્સપોર્ટ કરવો, વાહનમાંથી ઉતારવો, તેનું પ્રોસેસિંગ કરવું, ટ્રિટમેન્ટ કરવી, નાશ કરવો, રૂપાંતરિત (કન્વર્ઝન) અથવા વેચાણ માટે મૂકવો, તબદીલ કરવો, નિકાલ કરવા સહિતને **'હેન્ડલિંગ'**અર્થમાં સમજવાનુંછે.



**'હેલ્થ કેર ફેસિલિટી'**- આરોગ્યની સારવારની પદ્ધતિ અને તેનું કદ ધ્યાને લીધા સિવાય, જે કોઇ સ્થળે નિદાન કરવામાં આવે, સારવાર કે માનવઅથવા પશુઓને રોગપ્રતિકારક રસીકરણ કરવામાં આવે,તેમજ આ બાબતોને લગતી સંશોધન પ્રવૃત્તિની જગ્યા **'હેલ્થ કેર ફેસિલિટી'** ગણાય છે.



**'મેજર એક્સિડન્ટ'/ મોટા અકસ્માત** –ઇન્જેકશનની સોય વાગી જવાથી થતી ઇજા કે મરક્યૂરી પ્રસરી જાય તેવી ઘટના સિવાય બાયો-મેડિકલ વૅસ્ટના હેન્ડલિંગથી મોટા પાયે લોકસમૂહને અસર થાય, તેમજ આવો કચરો લઇ જતી ટ્રક ગબડી પડવાથી બાયો-મેડિકલ વૅસ્ટ પાણીના કોઇપણ સ્ત્રોત સાથે આકસ્મિક ભળવાના કિસ્સાને **'મેજર એક્સિડન્ટ' ગણવાનો છે.**

**'મેનેજમેન્ટ'**- બાયો-મેડિકલ વૅસ્ટની જાળવણી કે હેન્ડલિંગથી ઊભી થનાર પ્રતિકૂળ અસરો સામે માનવ આરોગ્ય અને પર્યાવરણને સુરક્ષિત રાખવા સહિતના, બાયો-મેડિકલ વૅસ્ટના વ્યવસ્થાપન માટે લેવાના પગલાં **'મેનેજમેન્ટ'તરીકે સમજવાના** છે.

**'ઓક્યૂપાયર'/ધારક-માલિક**- બાયો-મેડિકલ વૅસ્ટ નીપજાવતા સ્થળો અને સંસ્થા જેવા કે, હોસ્પિટલ, નર્સિંગ હોમ, ક્લિનિક, ડિસ્પેન્સરી, વેટરિનરી સંસ્થા, એનિમલ હાઉસ, પેથોલોજીકલ લેબોરેટરી, બ્લડ બેન્ક્સ, હેલ્થકેર ફેસિલિટી અને ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ્સ, કોઇપણ પ્રકારની દવાની સિસ્ટમ/પદ્ધતિ કે જે ગમે તે નામથી ઓળખાતી હોય તેવા સઘળા સ્થળો અને સંસ્થા પર વહીવટી નિયંત્રણ ધરાવતી વ્યક્તિને **'ઓક્યૂપાયર'** ગણવામાં આવી છે.



**'ઓપરેટર ઓફ બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટી'**- બાયો-મેડિકલ વૅસ્ટના ક્લેક્શન, રિસેપ્શન, સ્ટોરેજ, ટ્રાન્સપોર્ટ, ટ્રિટમેન્ટ, ડિસ્પોઝલ, અથવા બાયો-મેડિકલ વૅસ્ટને કોઇપણ રૂપે જાળવણી કરનાર સીબીએમડબ્લ્યૂ ટીએફ- કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીના માલિક અથવા તેના પર નિયંત્રણ ધરાવતી વ્યક્તિને **'ઓપરેટર ઓફ બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટી'** તરીકે ઓળખવાની છે.

**'પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી'** /**સત્તાતંત્ર** - બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપન નિયમો હેઠળ રાજ્યના કિસ્સામાં રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (ગુજરાતમાં **–જીપીસીબી**-ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ) અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં પોલ્યુશન કંન્ટ્રોલ સમીતી સત્તાતંત્ર તરીકે કામગીરી કરે છે.

**'શેડ્યૂલ'** - બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપન નિયમો પૈકી લાગુ પડતી બાબતોમાં શેડ્યૂલના ઉલ્લેખમાં આ નિયમો સાથે બિડાણ સંબંધિત **'શેડ્યૂલ'**ને ગણવાનું છે.

## ૫. બાયો-મેડિકલ વૅસ્ટબાબતે 'ઓક્યૂપાયર'ની ફરજો

ઓક્યૂપાયરની જે ફરજો ઠરાવવામાં આવેલ છે તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- ઓક્યૂપાયરે બાયો-મેડિકલ વૅસ્ટની જાળવણી કે હેન્ડલિંગથી ઊભી થનાર પ્રતિકૂળ અસરો સામે માનવ આરોગ્ય અને પર્યાવરણને સુરક્ષિત રાખવા સહિત, બાયો-મેડિકલ વૅસ્ટના વ્યવસ્થાપન કરવાના પગલાં લેવાના છે.
- ઓક્યૂપાયરે પોતાની જગ્યામાં સલામત, હવા-ઉજાસ રહે તે રીતે તેમજ સુરક્ષિત ઠેકાણે આ નિયમોના 'શેડ્યૂલ-૧'માં દર્શાવેલ કેટેગરી મુજબ છૂટો પાડેલો બાયો-મેડિકલ વૅસ્ટ, નિયત રંગની બૅગ્સ કે કન્ટેનર્સમાં અલગ અલગ રાખવાનો છે. આ દરમિયાન બાયો-મેડિકલ વૅસ્ટનો બીજો હાથફેર ન થાય, રિસાયક્લેબલ્સ વૅસ્ટની ઉઠાંતરી ન થાય, અજાણે પશુઓ બહાર ખેંચી ન જાય કે ફેલાઇ ન જાય તેની ચોકસાઈ રાખવાની છે. વળી,આ બાયો-મેડિકલ વૅસ્ટ ઓક્યૂપાયરના ઠેકાણેથી કાયદામાં જણાવ્યા પ્રમાણે બારોબાર ટ્રાન્સપોર્ટ કરીને 'કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટી' ખાતે અથવા જરૂરી

યોગ્ય ટ્રિટમેન્ટ અને તેના આખરી નિકાલ માટે નિયત સમય મર્યાદામાં શેડ્યૂલ-૧ મુજબ છુટો પાડીને મોકલવામાં આવે તે સુનિશ્ચિત કરવાની કામગીરી ઓક્યુપાયરે કરવાની છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા(ડબ્લ્યૂ.એચ.ઓ) અથવા નેશનલ એઇડ્સ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન(એન.એ.સી.ઓ.)ની માર્ગદર્શક સૂચના મુજબ ઓક્યૂપાયરના સ્થળ પર જ લેબોરેટરી વેસ્ટને, માઇક્રોબાયોલોજીકલ વેસ્ટને, લોહીના નમૂનાઓને, લોહીની કોથળીઓને, ચેપ રહિત (ડિસ્ઇન્ફેક્શન) અથવા જીવાણુંરહિત (સ્ટરિલાઈઝેશન) પદ્ધતિથી પ્રિ-ટ્રિટ કરવાનો છે. ત્યારબાદ, ઓક્યૂપાયરે આખરી નિકાલ માટે ‘કોમન બાયો-મેડિકલ વેસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટી’ ખાતેવેસ્ટને મોકલવાનો છે.




બાયો-મેડિકલ વેસ્ટ વ્યવસ્થાપનના પ્રસિદ્ધ થયેલ નિયમોની તારીખથી બે વર્ષ સુધીમાં એટલે કે, ૨૭/૦૩/૨૦૧૮ સુધીમાં ક્લોરિનેટેડ પ્લાસ્ટિક બેગ્સ, ગ્લોઝ અને બ્લડ બેગ્સનો વપરાશ ક્રમશઃ બંધ કરવાનો છે.

બાયો-મેડિકલ વેસ્ટ સિવાયના સોલીડ વેસ્ટનો નિકાલ સોલીડ વેસ્ટના કાયદા મુજબ કરવાનો છે. ટ્રિટ કરેલા બાયો-મેડિકલ વેસ્ટને મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ સાથે આપવાનો નથી.

ઓક્યૂપાયરના તમામ હેલ્થ કેર વર્કર્સને તેમજ અન્યોને બાયો-મેડિકલ વેસ્ટની કામગીરીમાં સામેલ કરવાના તબક્કે તેમજ ત્યારબાદ દર વર્ષે ઓછામાં ઓછી એક વાર તાલીમ આપવાની છે. વળી, યોજેલા તાલીમ કાર્યક્રમોની વિગતો, તાલીમ મેળવેલી વ્યક્તિઓની સંખ્યા, તેમજ કોઇપણ તાલીમ ન મેળવેલ વ્યક્તિઓની વિગતો વાર્ષિક અહેવાલમાં આપવાની છે.

બાયો-મેડિકલ વેસ્ટની કામગીરીમાં સામેલ તેના તમામ હેલ્થ કેર વર્કર્સને તેમજ અન્યોને, નેશનલ ઇમ્યૂનાઇઝેશન પૉલિસી પ્રમાણે અથવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય વિભાગની માર્ગદર્શક સૂચના મુજબ બાયો-મેડિકલ વેસ્ટની કામગીરી દરમિયાન

સંભવિત હેપીટાઇટિસ-બી અને ટિટેનસ સહિત રોગ સંક્રમણ વિરૂદ્ધ, સૌ સંબંધિતોને પ્રતિકારક રસી અપાવી રોગ-પ્રતિરક્ષિત કરવાના છે.

બાયો-મેડિકલ વેસ્ટ વ્યવસ્થાપનના પ્રસિદ્ધ થયેલ નિયમોની તારીખથી એક વર્ષ દરમિયાન  એટલે કે તારીખ ૨૭-૩-૨૦૧૭ સુધીમાં, ઓક્યૂપાયરે તેના સ્થળ કે જગ્યાની બહાર બાયો-મેડિકલ વેસ્ટને બેગ્સ કે કન્ટેઇનર્સમાં કોઇપણ હેતુસર મોકલવા માટે બાર-કોડ પ્રથા દાખલ કરવાની છે.

પ્રવાહી કેમિકલ વેસ્ટને ઉદભવ સ્થાને અલગ કરીને પ્રિ-ટ્રિટમેન્ટ અથવા ન્યૂટ્રલાઇઝ્ડ કર્યા બાદ જ હેલ્થ કેર ફેસિલિટિઝ ખાતેથી નીકળતા અન્ય ગંદાપાણી સાથે ભેગુ કરવાનું છે .વળી, આ પ્રવાહી ગંદાપાણીનો  પાણી (પ્રદૂષણ, નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૭૪ની જોગવાઇઓ મુજબ ટ્રિટમેન્ટ કરીને જ નિકાલ કરવાની જવાબદારી પણ નિભાવવાની છે.




પોતાને ત્યાં, બાયો-મેડિકલ વેસ્ટની કામગીરીમાં સામેલ તમામ હેલ્થ કેર વર્કર્સ અને અન્યોને વ્યક્તિગત સલામતીના સાધનો આપી તેઓની વ્યાવસાયિક સલામતીનું ધ્યાન

રાખવાનું છે.સદર કામગીરીમાં તેઓને સામેલ કરવાના તબક્કે તેમજ દર વર્ષે ઓછામાં ઓછી એક વખત તેઓની હેલ્થ ચેક-અપ કરાવવાની છે.તેમજ આ હેલ્થ ચેક-અપ સંબંધિત રેકર્ડ્સ જાળવવાનો છે.



વધુમાં, બાયો-મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટનું રજીસ્ટર તૈયાર કરવાનું છે, અને જાળવવાનું છે. તેમાં દરરોજ બાયો મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટની વિગતો અપડેટ રાખવાની છે. બાયો-મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ નિયમોના શેડ્યૂલ-૧માં દર્શાવેલ બાયો-મેડિકલ વેસ્ટની કેટેગરી તેમજ કલર કોડીંગ મુજબ, ઉત્પન્ન થયેલ બાયો-મેડિકલ વેસ્ટની વિગતોનો માસિક રેકર્ડ ઓક્યૂપાયરની વેબસાઇટ પર મૂકવાનો છે.

ફાયર હેઝાર્ડ્સ, બાયો-મેડિકલ વેસ્ટના હેન્ડલીંગ દરમિયાન થયેલ ધડાકાઓ સહિતના ભારે અકસ્માતોનો અહેવાલ તથા લીધેલા ઉપાયાત્મક પગલાં તેમજ તે સંબંધિત રેકર્ડ્સ **ફોર્મ-૧**માં પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી – જીપીસીબીને મોકલવાનો છે. વાર્ષિક અહેવાલ સાથે પણ આ અહેવાલ મોકલવાનો છે. અકસ્માતની ઘટના ન થઇ હોય, તો પણ ‘અકસ્માત-શૂન્ય’ લખી અહેવાલ મોકલવાનો છે. તેમજ કટોકટી નિયંત્રણ નીતિ બનાવવી જરૂરી છે.



વાર્ષિક અહેવાલ પોતાની વેબસાઇટ પર મૂકવાનો છે. તેમજ બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપનના પ્રસિદ્ધ થયેલ નિયમોની તારીખથી બે વર્ષ દરમિયાન તમામ હેલ્થ કૅર ફેસિલિટીના ઓપરેટરોએ પોતાની વેબસાઇટ તૈયાર કરવાની છે.

નિયત થયેલ સમયગાળા દરમિયાન હેલ્થ કૅર ફેસિલિટીનોબાયો-મેડિકલ વૅસ્ટ ઓપરેટર લઇ ન જાય ત્યારે, ઓક્યૂપાયરે પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી – જીપીસીબીને તૂર્ત જાણ કરવાની છે.

મોજૂદ સમિતિ મારફતે બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપન સંબંધિત પ્રવૃત્તિઓનું મોનીટરીંગ અને સમીક્ષા કરવાની પ્રથા દાખલ કરવાની છે,અથવા આ કામગીરી માટે નવી સમિતિ બનાવવાની છે. આ સમિતિ દર છ મહિને મળે, અને તેની બેઠકની કાર્યનોંધ વાર્ષિક અહેવાલ સાથે પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી – જીપીસીબીને મોકલવાની છે.૩૦ પથારીથી ઓછી હેલ્થ કૅર સંસ્થાએ લાયક વ્યક્તિને નિયુક્ત કરીને તેમની સંસ્થાની બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપન સંબંધિત પ્રવૃત્તિઓનું મોનીટરીંગ અને સમીક્ષા કરાવવાની છે. તેમજ તેનો વાર્ષિક અહેવાલ તૈયાર કરીને જીપીસીબીને  રજૂ કરવાનો છે.

ઇન્સિનરેશનના ઓપરેશન, હાઇડ્રો અથવા ઓટોક્લેવિંગ જેવી તમામ ટ્રીટમેન્ટના તમામ રેકર્ડ્સ ઓક્યૂપાયરે પાંચ વર્ષ સુધી જાળવવાના છે.

બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપનના પ્રસિદ્ધ થયેલ નિયમોની તારીખથી બે વર્ષમાં હાલના ઇન્સિનરેટર્સના સંચાલકોએ બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપનના નિયમોમાં, સેકન્ડરી ચેમ્બરમાં રિટેન્સન ટાઇમ તેમજ  ડાયોક્સિન અને ફુરાન્સની માત્રાઓ ઠરાવ્યા મુજબની, બાયો-મેડિકલ વૅસ્ટના ડિસ્પોઝલ અને ટ્રિટમેન્ટ માટેના ધોરણો હાંસલ કરવાના રહે છે.

બાયો-મેડિકલ વૅસ્ટની ટ્રિટમેન્ટ એન્ડ ડિસ્પોઝલ અંગેની સંબંધિત તમામ સૂચનાઓનું પણ પાલન કરવાનું છે.

**૬. કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીના ઓપરેટરની ફરજો**

દરેક ‘કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીના ઓપરેટરની ફરજોમાં નીચે દર્શાવેલ બાબતો આવરી લેવામાં આવી છે.




ઓક્યૂપાયર પાસેથી ઉઘરાવેલા બાયો-મેડિકલ વૅસ્ટને ટ્રાન્સપોર્ટ કરવા, જાળવણી/હેન્ડલીંગ કરવા, સંગ્રહ કરવા, પદ્ધતિસર ટ્રિટમેન્ટ આપવા, તેમજ તેનો આખરી નિકાલ કરવા માટે જરૂરી તમામ પગલાં ભરવાના છે. તેમજ બાયો-મેડિકલ વૅસ્ટના નિયમો તેમજ કેન્દ્ર સરકાર કે, કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સમયાંતરે આપવામાં આવતી માર્ગદર્શક સૂચના મુજબ બાયો-મેડિકલ વૅસ્ટની સમગ્ર કામગીરીથી ઊભી થનાર પ્રતિકૂળ અસરો સામે માનવ આરોગ્ય અને પર્યાવરણને સુરક્ષિત રાખવા સહિતના પગલાં લેવાના છે.

ઓક્યૂપાયર પાસેથી નિયમાનુસાર અને સમયસર બાયો-મેડિકલ વૅસ્ટ લઇ જવામાં આવે, તેવું સુનિશ્ચિત કરવાનું છે.

બાયો-મેડિકલ વૅસ્ટના હેન્ડલિંગ માટે બાર કોડીંગ અને ગ્લોબલ પોઝીશનિંગ સિસ્ટમ એક વર્ષમાં ઊભી કરવાની છે.

બાયો-મેડિકલ વૅસ્ટના નિયમો મુજબ ઓક્યૂપાયર બાયો-મેડિકલ વૅસ્ટ ઓપરેટરને ન આપે તો તેની પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી – જીપીસીબીને જાણ કરવાની છે.

પોતાના તમામ હેલ્થ કેર વર્કર્સ અને અન્યોને બાયો-મેડિકલ વૅસ્ટની કામગીરીમાં સામેલ કરવાના તબક્કે તેમજ ત્યારબાદ દર વર્ષે ઓછામાં ઓછી એક વાર તાલીમ આપવાની છે.

ઓક્યૂપાયર જ્યારે બાયો-મેડિકલ વૅસ્ટના વ્યવસ્થાપન અંગેની તાલીમ યોજે ત્યારે ઓપરેટરે આ તાલીમ આપવામાં મદદ કરવાની છે.

બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપનની તમામ કામગીરીમાં સામેલ પોતાના તમામ વર્કર્સનું મેડિકલ ચેક-અપ કરાવવાનું છે. સાથોસાથ, આ કામગીરીમાં સામેલ તમામ વર્કર્સને હેપીટાઇટિસ-બી અને ટિટેનસ સહિત રોગ સંક્રમણ વિરૂદ્ધ, પ્રતિકારક રસી અપાવી રોગ-પ્રતિરક્ષિત કરવાના છે. આ અંગેનો રેકર્ડ્સ જાળવવાનો છે.



બાયો-મેડિકલ વેસ્ટ વ્યવસ્થાપનની કામગીરીમાં સામેલ તેના તમામ હેલ્થ કેર વર્કર્સને સલામતીના વ્યક્તિગત સાધનો આપી તેઓની વ્યાવસાયિક સલામતી સુનિશ્ચિત કરવાની છે.

ફાયર હેઝાર્ડ્સ, બાયો-મેડિકલ વેસ્ટના હેન્ડલીંગ દરમિયાન થયેલ ધડાકાઓસહિતના ભારે અકસ્માતોનો અહેવાલ તથા લીધેલા ઉપાયાત્મક પગલાં તેમજ તે સંબંધિત રેકર્ડ્સ **ફોર્મ-૧**માં પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી – જીપીસીબીને મોકલવાનો છે. વાર્ષિક અહેવાલ સાથે પણ આ અહેવાલ મોકલવાનો છે. અકસ્માતની ઘટના ન થઇ હોય, તો પણ 'અકસ્માત-શૂન્ય' લખેલો અહેવાલ મોકલવાનો છે.

પ્રત્યેક ટ્રિટમેન્ટ ઇક્વિપમેન્ટની દરેક બેચમાં, બાયો-મેડિકલ વેસ્ટનું વજન, ટ્રિટ કરેલા વેસ્ટની કેટેગરીઝ, સમય, તારીખ અને ટ્રિટમેન્ટની સાયકલનો સમયગાળો તેમજ સમગ્ર ઓપરેશનની કામગીરીના કલાકોની નોંધ લોગબૂકમાં જાળવવાની છે.

બાયો-મેડિકલ વેસ્ટને નિયમોનુસાર ટ્રિટમેન્ટ આપવામાં આવે છે,તેવું જાણવા માટે બાયો-મેડિકલ વેસ્ટ આપતા ઓક્યૂપાયરને, ઓપરેટરની ફેસિલિટીનું સ્થળજોવા આવે ત્યારે બતાવવાનું છે.

પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી – જીપીસીબીએ આપેલ ઓથોરાઇઝેશન, બાયો-મેડિકલ વેસ્ટની ટ્રિટમેન્ટની વિગતો, વાર્ષિક અહેવાલ, વગેરેને ઓપરેટરની વેબસાઇટ પર મૂકવાની છે.

બાયો-મેડિકલ વેસ્ટને ઓટોક્લેવિંગ અથવા માઇક્રોવેવિંગથી અપાયેલ ટ્રિટમેન્ટ સુનિશ્ચિત કર્યા પછીથી, લાગુ પડતું હોય તે મુજબ તેને કાપી કે ટુકડા કરીને, સંબંધિત રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ- જીપીસીબી અથવા પ્રદૂષણ નિયંત્રણ સમિતિએ મંજૂરી કે ઓથોરાઇઝેશન આપ્યું હોય અથવા રજીસ્ટ્રેશન કર્યું હોય, માત્ર તેવા જ રિસાયક્લરને,ટ્રિટેડ બાયો-મેડિકલ વેસ્ટના રિસાયક્લેબલ્સ પ્લાસ્ટિક્સ અને કાચ, રિસાયક્લિંગ માટે આપવાના છે.



જરૂર જણાય તેવા કિસ્સામાં, ઓપરેટર ઓક્યૂપાયરને નોન-ક્લોરિનેટેડ પ્લાસ્ટિક કલર્ડ બેગ્સ વેચાણથી આપી શકે છે.

જાહેર રજાઓમાં પણ બાયો-મેડિકલ વેસ્ટ એકઠો કરવાની કામગીરી ચાલુ રાખવાનું સુનિશ્ચિત કરવાનું છે.

ઇન્સિનરેશનના ઓપરેશનનો અને હાઇડ્રોક્લેવ /ઓટોક્લેવિંગ કરવાનો રેકર્ડસ પાંચ વર્ષ સુધી જાળવવાનો છે.

બાયો-મેડિકલ વેસ્ટ વ્યવસ્થાપનના નિયમોની અમલ તારીખથી બે વર્ષમાં હાલના ઇન્સિનરેટર્સના સેકન્ડરી ચેમ્બરમાં રિટેન્સન ટાઇમ તેમજ  ડાયોક્સિન અને ફુરાન્સ અંગે આ નિયમોમાં ઠરાવ્યા મુજબ, બાયો-મેડિકલ વેસ્ટના ડિસ્પોઝલ અને ટ્રિટમેન્ટ માટેના ધોરણો હાંસલ કરવાના છે.

બાયો-મેડિકલ વેસ્ટની ટ્રિટમેન્ટ એન્ડ ડિસ્પોઝલ અંગેની સંબંધિત તમામ સૂચનાઓનું પણ પાલન કરવાનું છે.

## ૭. ઓથોરિટી/ સત્તાતંત્રની ફરજો

બાયો-મેડિકલ વેસ્ટ વ્યવસ્થાપન નિયમોના શેડ્યૂલ-૩ના કોલમ(૨)માં સત્તાતંત્રની ફરજો દર્શાવી છે.

## ૮. બાયો-મેડિકલ વેસ્ટની ટ્રિટમેન્ટ એન્ડ ડિસ્પોઝલ અંગે સૂચનાઓ

બાયો-મેડિકલ વેસ્ટના નિયમોના શેડ્યૂલ-૧મુજબ બાયો-મેડિકલ વેસ્ટને ટ્રિટ કરીને નિકાલ કરવાનો છે.  હેલ્થ કેર ફેસિલિટીઝ તેમજ કોમન બાયો-મેડિકલ વેસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીના સંચાલકોએ આ નિયમોના શેડ્યૂલ-૨માં દર્શાવેલ બાયો-મેડિકલ વેસ્ટની ટ્રિટમેન્ટ અને ડિસ્પોઝલના ધોરણોનું પાલન કરવાનું છે.

ઉપરોક્ત શેડ્યૂલ-૧માં દર્શાવ્યા મુજબ બાયો-મેડિકલ વૅસ્ટની ટ્રિટમેન્ટ, પ્રોસેસિંગ અને આખરી નિકાલ માટે ઓક્યૂપાયરે પોતાનો બાયો-મેડિકલ વૅસ્ટ કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીને સુપરત કરવાનો છે. પરંતુ, ઓક્યૂપાયરે બાયો-મેડિકલ વૅસ્ટ પૈકી પોતાની લેબોરેટરી તેમજ નીપજેલ ખૂબ ચેપી બાયો-મેડિકલ વૅસ્ટને ઓટોક્લેવ અથવા માઇક્રોવેવ જેવા સાધનોથી પ્રિ-ટ્રિટ કરીને જ કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીને આપવાનો છે.

કોઇપણ ઓક્યૂપાયરના સ્થળથી ૭૫ કિલોમીટરના અંતરમાં કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટી હોય, ત્યારે, ઓક્યૂપાયર પોતાની ઓન-સાઇટ ટ્રિટમેન્ટ અને ડિસ્પોઝલ ફેસિલિટી ઊભી કરી શકશે નહીં.

કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટી નિયત અંતરમાં ઉપલબ્ધ ન હોય, ત્યારે ઓક્યૂપાયર્સે પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી– જીપીસીબીનું ઓથોરાઇઝેશન મેળવીને તેની શરતો મુજબ,બાયો-મેડિકલ વૅસ્ટ જનરેટ કરતા અગાઉ ઇન્સિનરેટર, ઓટોક્લેવ અથવા માઇક્રોવેવ, શ્રેડર જેવા જરૂરી સાધનો લગાવવાના રહેશે.

કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીના ઓપરેટર અથવા ઓક્યૂપાયર સહિત કોઇપણ વ્યક્તિ બાયો-મેડિકલ વૅસ્ટના નિયમોના શેડ્યૂલ-૧માં દર્શાવેલ બાયો-મેડિકલ વૅસ્ટને ટ્રિટમેન્ટ કરવાની પદ્ધતિ સિવાયની અન્ય નવી ટેક્નોલોજીથી ટ્રિટમેન્ટ કરવા ઇચ્છતી હોય, તેવી વ્યક્તિએ, સૂચિત નવી ટેક્નોલોજીના ધોરણો તથા ઓપરેટિંગ પેરામિટર્સ નક્કી કરી આપવા કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવાની છે.

કેન્દ્ર સરકાર ઉપરોક્ત દરખાસ્ત મળ્યેથી, સૂચિત નવી ટેક્નોલોજીનો તજજ્ઞો મારફતે અભ્યાસ કરી આવી ટેકનોલોજી માટે સ્ટાન્ડર્ડ્સ અને ઓપરેટિંગ પેરામિટર્સ નક્કી કરીને, કેન્દ્ર સરકારના રાજપત્રમાં પ્રસિદ્ધ કરી શકે છે.

કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીના દરેક ઓપરેટરે,પોતાની ફેસિલિટીનુંકામકાજ ચાલુ કરતા પહેલાં,બાયો-મેડિકલ વૅસ્ટની ટ્રિટમેન્ટ કરવાના ભાગરૂપે ઇન્સિનરેટર, ઓટોક્લેવ અથવા માઇક્રોવેવ, શ્રેડર જેવા જરૂરી સાધનો લગાવવાના છે. તેમજ એફ્લ્યૂઅન્ટ ટ્રિટમેન્ટ પ્લાન્ટ તૈયાર કરવાનો છે.



દરેક ઓક્યૂપાયરે,બાયો-મેડિકલ વેસ્ટના નિયમોની તારીખથી બે વર્ષમાં ક્લોરિનેટેડ પ્લાસ્ટિક બેગ્સનો ઉપયોગ બંધ કરવાનો છે. ત્યારબાદ, બાયો-મેડિકલ વેસ્ટનો સંગ્રહ અને ટ્રાન્સપોર્ટ કરવા માટે ક્લોરિનેટેડ પ્લાસ્ટિક બેગ્સનો ઉપયોગ કરવાનો નથી. તેમજ કોમનબાયો-મેડિકલ વેસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીના દરેક ઓપરેટરે અથવા ઓક્યૂપાયરે આવી ક્લોરીનેટેડ બેગ્સનો ઇન્સિનરેશનથી નિકાલ કરવાનો નથી. પરંતુ, બાયો-મેડિકલ વેસ્ટનો સંગ્રહ કરવા અને ટ્રાન્સપોર્ટ કરવા માટે બ્યૂરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સના ધોરણો મુજબની જ પ્લાસ્ટિક બેગ્સનો ઉપયોગ કરવાનો છે. આ બાબતે સંબંધિત સ્ટાન્ડર્ડ્સ પ્રસિદ્ધ થાય ત્યાં સુધી, પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેનટ રૂલ્સ, ૨૦૧૬ને સુસંગત કેરીબેગ્સનો ઉપયોગ કરવાનો છે.




બાયો-મેડિકલ વેસ્ટને ઓટોક્લેવિંગ અથવા માઇક્રોવેવિંગથી અપાયેલ ટ્રિટમેન્ટ સુનિશ્ચિત કર્યા પછીથી,જે લાગુ પડતું હોય તે મુજબ તેને કાપી કે ટુકડા કરીને, સંબંધિત પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટીનું ઓથોરાઇઝેશન અથવા રજીસ્ટ્રેશન ધરાવતા હોય, માત્ર તેવા જ રિસાયક્લરને, ટ્રિટેડ બાયો-મેડિકલ વેસ્ટના રિસાયક્લેબલ્સ પ્લાસ્ટિક્સ અને કાચ, રિસાયક્લિંગ માટે

આપવાના છે.કોમન બાયો-મેડિકલ વેસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીના દરેક ઓપરેટર અથવા ઓક્યૂપાયરે આ રિસાયક્લેબલસનો રેકર્ડ જાળવવાનો છે. આ રિસાયક્લેબલ્સને હરાજી કે વેચાણથી આપી શકાય છે.

આવા રિસાયક્લેબ્લસની વિગતો સંબંધિત પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટીને વાર્ષિક અહેવાલના ભાગરૂપે રજૂ કરવાની છે. આ રેકર્ડ પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટીને તપાસ માટે બતાવવાનો છે.

સંબંધિત નિયમો અને વિનિયમો મુજબ મરક્યૂરી અને લેડ/સીસાના વેસ્ટનું હેન્ડલિંગ અને નિકાલ કરવાનો છે.

**૯. બાયો-મેડિકલ વેસ્ટના સેગ્રિગેશન, પેકેજિંગ, ટ્રાન્સપોર્ટેશન અને સંગ્રહની સૂચનાઓ**

કોઇપણ પ્રકારના બાયો-મેડિકલ વેસ્ટને અન્ય વેસ્ટ સાથે ભેગો ફેંકવાનો નથી. પરંતુ, બાયો-મેડિકલ વેસ્ટ નિયમોના શેડ્યૂલ-૧ મુજબ બાયો-મેડિકલ વેસ્ટનો સંગ્રહ, ટ્રાન્સપોર્ટ, ટ્રિટમેન્ટ અને નિકાલ કરતા પહેલાં, આ વેસ્ટના નીપજના સ્થળે જ તેને કન્ટેઇનર્સ અથવા બેગ્સમાં છૂટો પાડવાનો છે.




બાયો-મેડિકલ વેસ્ટના તમામ કન્ટેઇનર્સ અથવા બેગ્સ પર બાયો-મેડિકલ વેસ્ટ નિયમોના શેડ્યૂલ-૧ મુજબ બાજુમાં દર્શાવેલ લેબલ લગાડવાનું છે.

બાયો-મેડિકલ વેસ્ટના નિયમો અમલમાં આવ્યાની તારીખથી  એક વર્ષમાં,તમામ ઓક્યૂપાયર અને કોમન બાયો-મેડિકલ વેસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીના ઓપરેટરે બાર કોડ તેમજ ગ્લોબલ પોઝીશનિંગ સિસ્ટમ અપનાવવાની છે.

કોમન બાયો-મેડિકલ વેસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીના ઓપરેટરે ઓક્યૂપાયરની જગ્યાએથી બાયો-મેડિકલ વેસ્ટને ટ્રાન્સપોર્ટ કરીને કોઇપણ ઓફ-સાઇટ બાયો-મેડિકલ વેસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટી ખાતે લઇ જવા માટે અલાઇદું વાહન રાખવાનું છે.

બાયો-મેડિકલ વેસ્ટ ટ્રાન્સપોર્ટ કરવા ઉપયોગમાં લેવાના વાહનો મોટર વ્હિકલ્સ અધિનિયમ, ૧૯૮૮ હેઠળની જરૂરીયાતો મુજબ અથવા ઉપરોક્ત બાયો-મેડિકલ વેસ્ટ પ્રકારના ચેપી વેસ્ટને ટ્રાન્સપોર્ટ કરવા માટેના  નિયમો ઉપરાંત સંબંધિત રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-જીપીસીબી અથવા પ્રદૂષણ નિયંત્રણ સમિતિએ નિયત કરેલ શરતોનું પાલન કરવાનું છે.



માનવ શરીરના અંગ-અવયવો, પશુના અંગ-અવયવોનો, બગાડવાળો(સોઇલ્ડ) વેસ્ટ અને બાયોટેકનોલોજીના અનટ્રિટેડ વેસ્ટનો ૪૮ કલાકથી વધુ સમય સુધી સંગ્રહ કરાય નહીં. પરંતુ, જો કોઇ કારણોસર નિયત સમયગાળાથી વધુ સમય આવા વેસ્ટનો સંગ્રહ કરવાની જરૂરીયાત ઊભી થાય, ત્યારે માનવ આરોગ્ય અને પર્યાવરણને પ્રતિકૂળ અસર ન થાય તેવા ઉચિત પગલાં લેવાનું ઓક્યૂપાયર જાહેર સુનિશ્ચિત કરવાનું છે. તેમજ આવા પગલાં લેવાના કારણો સહિતની વિગતો પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટીને જણાવવાની છે.

માઇક્રોબાયોલોજીકલ  વેસ્ટ તથા ક્લિનિકલ લેબોરેટરીના અન્ય તમામ વેસ્ટને પેકિંગ કરીને કોમન બાયો-મેડિકલ વેસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટી ખાતે મોકલવા અગાઉ, વિશ્વ આરોગ્ય સંસ્થાની માર્ગદર્શક સૂચના મુજબ સ્ટરિલાઇઝેશન ટૂ લૉગ-૬ અથવા ડિસ્ઇન્ફેક્શન ટૂ લૉગ-૪ મુજબ પ્રિ-ટ્રિટમેન્ટ કરવાનો છે.

### ૧૦. પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી અને તેની ફરજો

બાયો-મેડિકલ વેસ્ટ વ્યવસ્થાપન નિયમોની જોગવાઇઓના અમલીકરણ માટે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ- જીપીસીબી પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી છે. જ્યારે, કેન્દ્ર શાસિત પ્રદેશો માટે સંબંધિત પ્રદૂષણ નિયંત્રણ સમિતિ પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી છે.

સંરક્ષણ મંત્રાલય હેઠળના આર્મ્ડ ફોર્સિસ/સશસ્ત્ર દળો હસ્તક હોસ્પિટલ્સ, નર્સિંગ હોમ્સ, ક્લિનિક્સ, ડિસ્પેન્સરિઝ, વેટનરી સંસ્થાઓ, એનિમલ હાઉસિસ, પેથોલોજીકલ લેબોરેટરિઝ તથા બ્લડ બેન્ક્સ ખાતે બાયો-મેડિકલ વેસ્ટ વ્યવસ્થાપન નિયમોની જોગવાઇઓના અમલીકરણ માટે સંરક્ષણ મંત્રાલયના નિયંત્રણ હેઠળ, ડાયરેક્ટર જનરલ, આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસિસને પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી તરીકે જાહેર કરેલ છે.

પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટીઓની જવાબદારીઓ બાયો-મેડિકલ વેસ્ટ વ્યવસ્થાપન નિયમોના શેડ્યૂલ-૩માં દર્શાવી છે.

## ૧૧. ઓથોરાઇઝેશન મેળવવાની પદ્ધતિ

બાયો-મેડિકલ વૅસ્ટનું હેન્ડલિંગ કરતા દરેક ઓક્યૂપાયર અથવા ઓપરેટરે, આ વૅસ્ટનો જથ્થો ધ્યાને લીધા સિવાય પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી એટલે કે, સંબંધિત રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ- જીપીસીબીને  કે કેન્દ્ર શાસિત પ્રદેશો માટે સંબંધિત પ્રદૂષણ નિયંત્રણ સમિતિને, યથાપ્રસંગ, **ફોર્મ-૨**માં અરજી કરવાની છે.

જીપીસીબીને http://gpcbxgn.gujarat.gov.inમારફતે ઓન-લાઇન અરજી કરવાની છે.

ત્યારબાદ, પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટીએ **ફોર્મ-૩** મુજબ પ્રોવિઝનલ ઓથોરાઇઝેશન આપવાનું છે. પથારીની સગવડ ધરાવતી હેલ્થ કૅર ફેસિલિટી તેમજ કોમન ફેસિલિટીના ઓથોરાઇઝેશન માન્યતાને અન્ય કાયદાઓ હેઠળ આપવામાં આવતી કન્સન્ટ/મંજૂરીની અવધિ સાથે સંકલિત કરીને એક સરખી અવધિ આપવાની છે.

પથારીની સગવડ ન ધરાવતા ઓક્યૂપાયર્સ માટે એક જ વખત ઓથોરાઇઝેશન મેળવવાનું છે જે કાયમી માન્યતા ધરાવતુ હશે.

પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી/જીપીસીબીને જરૂરી ડોક્યૂમેન્ટ્સ સાથે સંપૂર્ણ વિગતો સહિતની મળેલ અરજીની તારીખથી ૯૦ દિવસો દરમિયાન જો ઓથોરિટીએ કોઇ વાંધો ઉઠાવ્યો ન હોય, તેવા કિસ્સામાં  ઓથોરાઇઝેશન આપોઆપ મળ્યું તેમ ગણી શકાય છે. પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી/જીપીસીબીએ ઓથોરાઈઝેશનનું રિન્યૂઅલ નકારવા, રદ કરવા અથવા મોકૂફ કે સ્થગિત કરવા માટેના કારણો લેખિતમાં જણાવવાના છે. તેમજ ઓથોરાઈઝેશન નકારવાના પગલાં લેતા પૂર્વે પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટીએ અરજદારને સાંભળવાની તક આપવાની છે.

ઓથોરાઇઝેશન માટે જરૂરી ડોક્યૂમેન્ટ્સ સાથે સંપૂર્ણ વિગતો સહિતની અરજી મળ્યાની તારીખથી ૯૦ દિવસોમાંમળેલ અરજીનો પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટીએ નિકાલ કરવાનો છે. અન્યથા, નિયમોનુસાર અરજદારને ઓથોરાઇઝેશન આપોઆપ મળ્યું છે, તેમ ગણાશે.

બાયો-મેડિકલ વૅસ્ટની નીપજ, જાળવણી, ટ્રિટમેન્ટ અને નિકાલની પરિસ્થિતિ માટે અગાઉ મળેલ ઓથોરાઇઝેશનમાં ફેરફાર કરવાના કિસ્સામાં ઓક્યૂપાયર અથવા ઓપરેટરે પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટીને ફેરફાર કે કોઇ પ્રવૃત્તિમાં વધઘટની જાણ કરવાની રહે છે. સાથોસાથ, અગાઉ મળેલ ઓથોરાઇઝેશનની શરતોમાં ફેરફાર કરવા માટે પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટીને **ફોર્મ-૨**માં નવેસરથી અરજી કરવાની રહેશે.

## ૧૨. સલાહકાર સમિતિ

દરેક રાજ્ય સરકારે અથવા કેન્દ્ર શાસિત પ્રદેશના વહીવટીતંત્રએ સંબંધિત રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશ માટે તેઓના રાજ્ય કે પ્રદેશમાં બાયો-મેડિકલ વેસ્ટ વ્યવસ્થાપનના નિયમોના અમલીકરણની દેખરેખ રાખવા તેમજ સુધારાત્મક સલાહ-સૂચનો માટે તેઓના આરોગ્ય સચિવના અધ્યક્ષ સ્થાને **સલાહકાર સમિતિ**ની રચના કરવાની છે. સરકારના આરોગ્ય, પર્યાવરણ, શહેરી વિકાસ, પશુપાલન અને પશુરોગ વિજ્ઞાન વિભાગોના પ્રતિનિધિઓ સહિત



રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કે કેન્દ્ર શાસિત પ્રદેશો માટે સંબંધિત પ્રદૂષણ નિયંત્રણ સમિતિ, શહેરી સ્થાનિક સંસ્થાઓ કે (ગ્રામીણ) સ્થાનિક સંસ્થાઓ, અથવા મહાનગરપાલિકા, ઇન્ડિયન મેડિકલ એસોસિએસન, કોમન બાયો-મેડિકલ વેસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટી અને બિન-સરકારી સંસ્થાના પ્રતિનિધિઓને સદર સમિતિમાં સામેલ કરવાની જોગવાઇ છે.

ઉપરોક્ત દર્શાવેલ જોગવાઇઓ હોવા છતાં,સંરક્ષણ મંત્રાલય, સશસ્ત્ર દળોના ડાયરેક્ટર જનરલ, આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસિસના અધ્યક્ષપણા હેઠળ સલાહકાર સમિતિ(સંરક્ષણ)ની અલગ રચના કરવાની છે. આ સમિતિમાં કેન્દ્રના સંરક્ષણ મંત્રાલય, પર્યાવરણ, વન અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલય, સેન્ટ્રલ પોલ્યૂશન કન્ટ્રોલ બોર્ડ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, આર્મ્ડ ફોર્સિસ મેડિકલ કોલેજ અથવા કમાન્ડ હોસ્પિટલના પ્રતિનિધિઓને સામેલ કરવાના છે.

ઉપરોક્ત જોગવાઇઓ મુજબ રચાયેલ સલાહકાર સમિતિ છ માસમાં ઓછામાં ઓછું એક વખત મળીને, તેઓના કાર્યક્ષેત્રમાં કે આર્મ્ડ ફોર્સિસ હેલ્થ કેર ફેસિલિટીઝમાં, યથાપ્રસંગ, બાયો-મેડિકલ વેસ્ટના નિયમોની જોગાઇઓના અમલીકરણ સંબંધિત સમીક્ષા કરવાની છે.

આરોગ્ય અને સંરક્ષણ મંત્રાલય, અન્ય સરકારી કે બિન-સરકારી સંસ્થાઓના બાયો-મેડિકલ વેસ્ટ વ્યવસ્થાપનના ક્ષેત્રે નિષ્ણાત જાણકારી ધરાવતા પ્રતિનિધિઓને સલાહકાર સમિતિમાં સહવરણી/કો-ઓપ્ટ કરી શકે છે.

**૧૩. હેલ્થ કેર ફેસિલિટીઝમાં બાયો-મેડિકલ કાયદાના અમલીકરણનું મોનીટરીંગ**

કેન્દ્રનું પર્યાવરણ, વન અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલય, તમામ રાજ્યોના આરોગ્ય સચિવો તેમજ તમામ રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષો અને સભ્યસચિવો, ઉપરાંત જરૂરીયાત મુજબ  બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપનના ક્ષેત્રે નિષ્ણાતોને પણ આમંત્રિત કરીને, વર્ષમાં એક વખત દેશમાં થઇ રહેલ બાયો-મેડિકલ વ્યવસ્થાપન નિયમોના અમલીકરણની સમીક્ષા કરવાની છે.સંરક્ષણ મંત્રાલય હસ્તકના આર્મ્ડ ફોર્સિસ હેલ્થ કેર ફેસિલિટીઝમાં બાયો-મેડિકલ વ્યવસ્થાપન નિયમોના અમલીકરણનું કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે મોનીટરીંગ કરવાનું છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ,રચાયેલ સલાહકાર સમિતિના એક કે એકથી વધુ પ્રતિનિધિઓ સાથે મળીને આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસિસના ડાયરેક્ટર જનરલને આગોતરી જાણ સાથે આર્મ્ડ ફોર્સિસ હેલ્થ કેર એસ્ટાબ્લિસમેન્ટ્સનું નિરીક્ષણ કરવાનું છે.

દરેક રાજ્ય સરકારે કે કેન્દ્ર શાસિત પ્રદેશોના વહીવટીતંત્રએ**જીલ્લા ક્લેક્ટર**અથવા **જીલ્લા મેજીસ્ટ્રેટ** કે **નાયબ કમિશ્નર** અથવા **અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ**ની **અધ્યક્ષતા**હેઠળ **જીલ્લા કક્ષાની મોનીટરીંગ સમિતિ**ની રચના કરવાની છે. જીલ્લાઓમાં બાયો-મેડિકલ વૅસ્ટ નીપજાવતી હેલ્થ કેર ફેસિલિટીઝમાં તેમજ બાયો-મેડિકલ વૅસ્ટને ટ્રિટમેન્ટ આપી નિકાલ કરતી કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ એન્ડ ડિસ્પોઝલ ફેસિલિટીઝમાં બાયો-મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ નિયમોની જોગાવાઇઓના પાલનનું આ સમિતિએ મોનીટરીંગ કરવાનું છે. વળી, આ સમિતિએ, રાજ્ય સલાહકાર સમિતિને છ માસમાં એક વખત તેનો અહેવાલ આપવાનો છે. તેમજ સંબંધિત રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-જીપીસીબીને કે પ્રદૂષણ નિયંત્રણ સમિતિને આગળની જરૂરી કાર્યવાહી કરવા માટે, સદર અહેવાલની એક પ્રત પણ મોકલવાની છે.



જીલ્લા કક્ષાની મોનીટરીંગ સમિતિમાં, જીલ્લા તબીબી અધિકારી અથવા જીલ્લા આરોગ્ય અધિકારી,રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-જીપીસીબી કે પ્રદૂષણ નિયંત્રણ સમિતિ, પબ્લિક હેલ્થ એન્જિનિયરીંગ ડિપાર્ટમેન્ટ, સ્થાનિક સંસ્થાઓ અથવા મહાનગરપાલિકા, ઇન્ડિયન મેડિકલ એસોસિએશન, કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટી, બાયો-મેડિકલ વૅસ્ટ

વ્યવસ્થાપનના ક્ષેત્રે કાર્ય કરતી બિન-સરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓને સામેલ કરી શકાય છે. તેમજ જરૂરીયાત મુજબ અન્ય સભ્યો કે નિષ્ણાતોની સહવરણી/કો-ઓપ્ટ કરી શકે છે. આ **સમિતિના સભ્યસચિવ** તરીકે જિલ્લા આરોગ્ય અધિકારીએ કામગીરી કરવાની છે.

**૧૪. ઓક્યૂપાયરે અને ઓપરેટરે મોકલવાનો વાર્ષિક અહેવાલ**

દરેક ઓક્યૂપાયર અથવા કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીના ઓપરેટરે દર વર્ષે ૩૦મી જૂને અથવા તે પહેલાં **ફોર્મ-૪**માં **વાર્ષિક અહેવાલ**પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી (જીપીસીબી)ને રજૂ કરવાનો છે.

પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી(જીપીસીબી) મળેલ વાર્ષિક અહેવાલોની માહિતીનું સંકલન, સમીક્ષા અને વિશ્લેષણ કરીને સઘળી વિગતો કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને દર વર્ષે ૩૧મી જુલાઇએ અથવા તે પહેલાં મોકલવાની છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ,મળેલ વાર્ષિક અહેવાલોની માહિતીનું સંકલન, સમીક્ષા અને વિશ્લેષણ કરીને ટીકા-ટિપ્પણ અથવા સૂચનો અથવા અવલોકનો સાથે માહિતી પર્યાવરણ, વન અને ક્લાયમેટચેન્જ મંત્રાલયને દરવર્ષે ૩૧મી ઓગષ્ટે અથવા તે પહેલાં મોકલવાની છે.

વાર્ષિક અહેવાલો ઓક્યૂપાયર્સની, રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની તેમજ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની વેબસાઇટ પર **ઓનલાઇન**ઉપલભ્ય કરવાના રહેશે.

**૧૫. ઓક્યૂપાયરે અને ઓપરેટરે જાળવવાના રેકર્ડ્સ**

બાયો-મેડિકલ વૅસ્ટ મેનેજમેન્ટના નિયમો તેમજ કેન્દ્ર સરકારે કે કેન્દ્રીય પ્રદષણ નિયંત્રણ બોર્ડ અથવા પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી/જીપીસીબીએ યથાપ્રસંગ આપેલ માર્ગદર્શક સૂચના મુજબ, ઓથોરાઇઝેશન મેળવેલ,ઓક્યૂપાયર અને ઓપરેટર,દરેકવ્યક્તિએ બાયો-મેડિકલ વૅસ્ટની નીપજ કરવાની, ભેગો કરવાની, સંગ્રહ કરવાની, ટ્રાન્સપોર્ટ કરવાની, ટ્રિટમેન્ટ કરવાની, નિકાલ કરવાની કે કોઇપણ રૂપે હેન્ડલિંગ કરવા સંબંધિત વિગતોનો રેકર્ડ્સ પાંચ વર્ષ સુધી જાળવવાનો છે.

તમામ રેકર્ડ્સ પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી(જીપીસીબી) અથવા પર્યાવરણ, વન અને ક્લાયમેટચેન્જ મંત્રાલય દ્વારા કોઇપણ સમયે નિરીક્ષણ અને ખરાઇને આધિન રહેશે.

**૧૬. ઓક્યૂપાયરે અને ઓપરેટરે આપવાનો અકસ્માતનો અહેવાલ**

કોઇપણ બાયો-મેડિકલ વૅસ્ટ સંબંધિત સંસ્થા કે ફેસિલિટી અથવા અન્ય કોઇપણ જગ્યા જ્યાં બાયો-મેડિકલ વૅસ્ટની જાળવણી કે હેન્ડલિંગ થતું હોય, તે સ્થળે થયેલ ભારે અકસ્માતની બાબતે સદર સ્થળના અધિકૃત વ્યક્તિએ તૂર્ત જ પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી (જીપીસીબી)ને આવા

અકસ્માતની જાણ કરવાની છે. તેમજ આ અંગે લીધેલા ઉપાયાત્મક પગલાંનો ઓક્યૂપાયરે અને ઓપરેટરે, ઘટનાના ૨૪ કલાકમાં**ફોર્મ-૧**માં લિખિત અહેવાલ મોકલવાનો છે. વળી, અન્ય તમામ અકસ્માતો તેમજ તે અંગે લીધેલા ઉપાયાત્મક પગલાંની વિગતો ઓક્યૂપાયરે પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી/જીપીસીબીને આપવાની છે.

## ૧૭. અપીલ

જીપીસીબી કે પ્રદૂષણ નિયંત્રણ સમિતિના હુકમથી કોઇપણ નારાજ થયેલ વ્યક્તિ,તેને મોકલવામાં આવેલ હુકમની તારીખથી ૩૦ દિવસમાં **ફોર્મ-૫**માં વિગતો ભરીને,એપેલેટ ઓથોરિટી (તરીકે હોદ્દાની રૂએ જે તે રાજ્યના પર્યાવરણ વિભાગના સચિવને, અથવા કેન્દ્ર શાસિત પ્રદેશના વહિવટીતંત્ર)ને અપીલ કરી શકે છે.

આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસિસના ડાયરેક્ટર જનરલના હુકમથી કોઇપણ નારાજ થયેલ વ્યક્તિ, તેને મોકલવામાં આવેલ હુકમની તારીખથી ૩૦ દિવસમાં **ફોર્મ-૫**માં વિગતો ભરીને,એપેલેટ ઓથોરિટી તરીકે હોદ્દાની રૂએ કેન્દ્રના પર્યાવરણ, વન અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલયના સચિવને અપીલ કરી શકે છે.

યથા પ્રસંગ, ઉલ્લેખ કરેલ પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટીના હુકમથી કોઇપણ નારાજ થયેલ અપીલ કરનારને અપીલ કરનારને સમયમર્યાદામાં અપીલ કરવા માટે પુરતા કારણોસર અવરોધ થયેલ જણાય તેવા કિસ્સામાં અપીલ કરવાની અવધિ પૂર્ણ થયાના ૩૦ દિવસો બાદ પણ એપેલેટ ઓથોરિટી અપીલ સ્વીકારી શકે છે.

દરેક અપીલ ફાઇલ કર્યાની તારીખથી ૬૦ દિવસોમાં તેનો નિકાલ કરવાનો રહે છે.

## ૧૮. કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીનું સ્થળ

બાયો-મેડિકલ વૅસ્ટ વ્યવસ્થાપનના નિયમ(૫)ને બાધ આવ્યા વિના, કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટી માટે યોગ્ય સ્થળની જમીન આપવા માટેની જવાબદારી રાજ્ય સરકારમાં અથવા કેન્દ્ર શાસિત પ્રદેશના વહિવટીતંત્રમાં,જમીન ફાળવણીનું કામકાજ કરતા વિભાગની છે.

પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી-જીપીસીબી, અન્ય હિત-ધારકો તેમજ કેન્દ્રના પર્યાવરણ, વન અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલય કે કેન્દ્રીય પ્રદષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરાયેલ માર્ગદર્શક સૂચના મુજબ કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટી માટે યોગ્ય સ્થળની પસંદગી કરી શકે છે.




## ૧૯. ઓક્યૂપાયર અથવા ઓપરેટરની નુકશાની અંગે જવાબદારી

બાયો-મેડિકલ વેસ્ટની અયોગ્ય જાળવણીથી/હેન્ડલિંગથી પર્યાવરણને અથવા લોકોને નુકશાન થાય, તેવા કિસ્સામાં, તમામ નુકશાની ભરપાઇ કરવા ઓક્યૂપાયર અથવા કોમન બાયો-મેડિકલ વેસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીના ઓપરેટર જવાબદાર ગણાશે.

ઓક્યૂપાયર અથવા કોમન બાયો-મેડિકલ વેસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીના ઓપરેટર આદેશોના ઉલ્લંઘનના કિસ્સામાં, પર્યાવરણ સુરક્ષા અધિનિયમની કલમ ૫ અને ૧૫ હેઠળ પગલાં લેવાપાત્ર જવાબદાર ગણાશે.

###

## શેડ્યૂલ-૧

(નિયમો ૩(ઇ), ૪(બી), ૭(૧), ૭(૨), ૭(૫), ૭(૬), અને ૮(૨) જોવા)

### ભાગ-૧

### બાયો-મેડિકલ વેસ્ટ્સની કેટેગરીઝ અને તેનું સેગ્રિગેશન, કલેક્શન, ટ્રિટમેન્ટ, પ્રોસેસિંગ અને આખરી નિકાલના વિકલ્પો

| કેટેગરી | બાયો-મેડિકલ વેસ્ટનો પ્રકાર | ઉપયોગમાં લેવાની બૅગ કે કન્ટેઇનર | ટ્રિટમેન્ટઅને નિકાલના વિકલ્પો |
|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) |
| પીળો | (એ) *માનવ શરીરના અંગો/અવયવોનો વેસ્ટ:* માનવ પેશીઓ, અવયવો, શરીરના અંગો અને ભૃણ (મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રગ્નન્સિ અધિનિયમ, ૧૯૭૧, ના વખતોવખતના સુધારા મુજબ) | પીળા રંગની નોન-ક્લોરિનેટેડ પ્લાસ્ટિક બૅગ્સ | ઇન્સિનરેશન અથવા પ્લાઝમા પાયરોલિસિસ અથવા જમીનમાં ઊંડું દાટવું.* |
| | (બી) *પ્રાણી શરીરના અંગો/અવયવોનો વેસ્ટ:*પ્રયોગો માટે ઉપયોગમાં લેવાયેલ પ્રાણીઓ અથવા પશુચિકિત્સાલયો/કોલેજ/ પશુવાડામાં કરાયેલ પરીક્ષણથી નીપજતા વેસ્ટ સહિત પ્રાયોગિક પશુઓના મડદાં, અંગો, અવયવો,પેશીઓનો વેસ્ટ. | | |
| | (સી) *બગાડવાળો (સોઇલ્ડ) વેસ્ટ:* લોહી, શરીરના પ્રવાહીથી બગાડ થયેલ ડ્રેસિંગના પાટાપિંડી, પ્લાસ્ટરના પોપડાઓ, લોહીથી ખરડાયેલા નકામા કપડાં/રૂના ટુકડાંઓ કે બાકી વધેલા કચરાની બૅગ્સ: | | ઇન્સિનરેશન અથવા પ્લાઝમા પાયરોલિસિસ અથવા જમીનમાં ઊંડું દાટવું.* ઉપરોક્ત ફેસિલિટિના અભાવના કિસ્સામાં,ઓટોક્લેવિંગ કે માઇક્રોવેવિંગ/હાઇડ્રોક્લેવિંગ ત્યારબાદ કાપી કે ટુકડા કરીને અથવા જીવાણુંરહિત અને ટુકડા કરવાની બન્ને પદ્ધતિઓને જોડીને, ટ્રિટેડ વેસ્ટને એનર્જી રિકવરી માટે મોકલવાનો છે. |

| કેટેગરી | બાયો-મેડિકલ વૅસ્ટનો પ્રકાર | ઉપયોગમાં લેવાની બૅગ કે કન્ટેઇનર | ટ્રિટમેન્ટઅને નિકાલના વિકલ્પો |
|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) |
| | (ડી) *અવધિ પૂરી થયેલ નકામી દવાઓ:*સાઇટોટોક્સિક દવાઓ સાથે દૂષિત થયેલ ગ્લાસ અને પ્લાસ્ટિક એમ્પોઉલ્સ, વાયલ્સ, વગેરે સહિત એન્ટિબાયોટિક્સ, સાઇટોટોક્સિક દવાઓઃ<br> | પીળા રંગની નોન-ક્લોરિનેટેડ પ્લાસ્ટિક બૅગ્સ કે કન્ટેઇનર્સ | અવધિ પૂરી થયેલ સાઇટોટોક્સિક દવાઓ, સાઇટોટોક્સિક દવાઓ સાથે દૂષિત થયેલ વસ્તુઓને તેના ઉત્પાદક કે વિક્રેતાને ૧૨૦૦ ⁰સે.થી વધુ તાપમાને ઇન્શિનરેશન કરવા પરત કરવી અથવા કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટીને અથવા હેઝાર્ડ્સ વૅસ્ટ ટ્રિટમેન્ટ, સ્ટોરેજ એન્ડ ડિસ્પોઝલ ફેસિલિટીને ૧૨૦૦ ⁰સે. થી વધુ તાપમાને ઇન્શિનરેશન કરવા અથવા ઇનકેપ્સ્યુલેશન અથવા ૧૨૦૦ ⁰સે . થી વધુ તાપમાને પ્લાઝમા પાયરોલિસિસ કરવાની છે.<br>અન્ય દવાઓને તેના ઉત્પાદકને પરત કરવી કે ઇન્શિનરેશનથી નિકાલ કરવાની છે. |
| | (ઇ) *કેમિકલ વૅસ્ટઃ*<br>બાયોલોજીકલ ઉત્પાદનમાં વપરાયેલ કેમિકલ્સ તેમજ વપરાયેલ કે બિન-ઉપયોગી જંતુનાશકો. | પીળા રંગના કન્ટેઇનર્સ અથવા નોન-ક્લોરિનેટેડ પ્લાસ્ટિક બૅગ્સ | ઇન્શિનરેશન અથવા પ્લાઝમા પાયરોલિસિસ અથવા હેઝાર્ડ્સ વૅસ્ટ ટ્રિટમેન્ટ, સ્ટોરેજ એન્ડ ડિસ્પોઝલ ફેસિલિટીમાં ઇનકેપ્સ્યુલેશનથી નિકાલા કરવો. |
| | (એફ) *કેમિકલ લિક્વિડ વૅસ્ટઃ*<br>બાયોલોજીકલ પ્રોડ્કશનમાં વપરાયેલ કેમિકલ્સથી નીપજેલું પ્રવાહી, તેમજ નકામા જંતુનાશકો, સિલ્વર એક્સ-રે ફિલ્મને ડેવલપ કરવાનું નકામું પ્રવાહી, નકામું ફોર્મેલિન, ચેપી સ્ત્રાવો, શરીરના મહત્વના તરલો/ફ્લ્યૂઇડ્સ, લેબમાંથી નીપજતા<br>પ્રવાહી, તેમજ ફ્લૉર વોશિંગ, સફાઇ, હાઉસ-કિપિંગ અને જંતુરહિત કરવાની પ્રવૃત્તિઓ, વગેરેથી નિપજતું પ્રવાહી | ગંદાપાણીના ટ્રિટમેન્ટ સિસ્ટમમાં લઇ જતી અલાયદી ક્લેકશન સિસ્ટમ | સ્ત્રોતની રિકવરી કર્યા બાદ, કેમિકલ લિક્વિડ વૅસ્ટને અન્ય ગંદાપાણી સાથે ભેગું કરતા અગાઉ પ્રિ-ટ્રિટ કરવાનું છે. આમ ભળીને ભેગો થયેલ ગંદાપાણીના સ્ત્રાવને, શેડ્યૂલ-૩માં આપેલ ડિસ્ચાર્જ નોર્મ્સને અનુરૂપ ટ્રિટ કરવાનો છે. |

| કેટેગરી | બાયો-મેડિકલ વૅસ્ટનો પ્રકાર | ઉપયોગમાં લેવાની બૅગ કે કન્ટેઇનર | ટ્રિટમેન્ટઅને નિકાલના વિકલ્પો |
|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) |
| | | | |
| | (જી) લોહી કે શરીરના સ્ત્રાવોથી ખરડાયેલા નકામા કપડાં, ગાદલાં, પથારીઓ. | પીળા રંગની નોન-ક્લોરિનેટેડ પ્લાસ્ટિક બૅગ્સ અથવા યોગ્ય પૅકિંગ વસ્તુ | નોન-ક્લોરિનેટેડ કેમિકલથી જંતુરહિત પ્રક્રિયા ત્યારબાદ ઇન્શિનરેશન અથવા પ્લાઝમાં પાયરોલિસિસ અથવા એનર્જી રિકવરી.<br>ઉપરોક્ત સુવિધાના અભાવના કિસ્સામાં, કાપી કે ટુકડા કરીને અથવા જીવાણુંરહિત અને ટુકડા કરવાની બન્ને પદ્ધતિઓને જોડીને, ટ્રિટેડ વૅસ્ટને એનર્જી રિકવરી, ઇન્શિનરેશન અથવા પ્લાઝમાં પાયરોલિસિસ માટે મોકલવાનો છે. |
| | **(એચ) માઇક્રોબાયોલોજી, બાયોટેક્નોલોજી અને અન્ય ક્લિનિકલ લેબોરેટરીનો વૅસ્ટઃ**<br>બ્લડ બૅગ્સ, લેબોરેટરી કલ્ચર્સ, સ્ટૉક્સ અથવા માઇક્રોઓર્ગેનિઝ્મ્સના સ્પેસિમેન્સ, લાઇવ કે અટેન્યૂએટેડ વૅક્સિન્સ, રિસર્ચમાં વપરાયેલ માનવ કે પશુના સેલ કલ્ચર્સ, ઇન્ડસ્ટ્રિઅલ લેબોરેટરિઝ, બાયોલોજીકલ, રેસિડ્યૂઅલ ટૉક્સિન્સનું પ્રોડક્શન, કલ્ચર્સ માટે વપરાયેલ ડિશિસ એન્ડ ડિવાઇસિસ. | ઓટોક્લૅવ સેફ પ્લાસ્ટિક બૅગ્સ કે કન્ટેઇનર્સ | નેશનલ એઇડ્સ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન અથવા વિશ્વ આરોગ્ય સંસ્થાની માર્ગદર્શક સૂચના મુજબ ઓન-સાઇટ/સ્થળ ખાતે જ નોન-ક્લોરિનેટેડ કેમિકલ્સથી જીવાણુંરહિત કરવા પ્રિ-ટ્રિટ કરવાનું છે. |

| કેટેગરી | બાયો-મેડિકલ વેસ્ટનો પ્રકાર | ઉપયોગમાં લેવાની બેગ કે કન્ટેઇનર | ટ્રિટમેન્ટઅને નિકાલના વિકલ્પો |
|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) |
| લાલ | **ચેપી વેસ્ટ (રિસાયક્લેબલ)**<br><br>**(એ) ટ્યૂબિંગ, બોટલ્સ, ઇન્ટ્રાવિનસ ટ્યૂબ્સ એન્ડ સેટ્સ, કેથેટર્સ, યૂરિન બેગ્સ, સિરિન્જ (સોય અને ફિક્સ્ડ નીડલ સિરિન્જ સિવાય) તેમજ નીડલ્સ કટ સાથેના વેક્યૂટેઇનર્સ અને ગ્લોવ્ઝ.** | લાલ રંગની પ્લાસ્ટિક બેગ્સ કે કન્ટેઇનર્સ | ઓટોક્લેવિંગ કે માઇક્રોવેવિંગ / હાઇડ્રોક્લેવિંગ ત્યારબાદ કાપી કે ટુકડા કરીને અથવા જીવાણુંરહિત અને ટુકડા કરવાની બન્ને પદ્ધતિઓને જોડીને.<br>આ ટ્રિટેડ વેસ્ટને,નોંધાયેલ કે અધિકૃત રિસાયક્લર્સ અથવા એનર્જી રિકવરી અથવા પ્લાસ્ટિકમાંથી ડિઝલ અથવા ફ્યૂઅલ ઓઇલ અથવા રોડ બનાવવા પૈકી જે પણ શક્ય હોય, તે માટે મોકલવાનો છે.<br>પ્લાસ્ટિક વેસ્ટને લેન્ડફિલ સાઇટ ખાતે મોકલવાનો નથી. |
| સફેદ (અર્ધપાર દર્શક) | **મેટલ્સ સહિતનો તીક્ષ્ણ વેસ્ટઃ**<br>નિડલ્સ, ફિક્સ્ડ નીડલ્સ સાથેની સિરિન્જ, નીડલ ટીપ કટર કે બર્નરમાંથી ભેગી કરેલ નીડલ્સ, સ્કાલપેલ્સ, બ્લેડ્સ, અથવા છિદ્ર કરી શકે કે કાપી શકાય તેવી કોઇપણ પ્રકારની ચેપગ્રસ્ત થયેલ તીક્ષ્ણ વસ્તુઓ. આવી વસ્તુઓમાં,ઉપયોગ કરાયેલ અને ડિસ્કાર્ડેડ બન્ને ચીજ-વસ્તુઓ, તેમજ ચેપગ્રસ્ત થયેલ મેટલ શાર્પ્સને ગણવાના છે. | પન્ક્ચર પ્રૂફ, લિક પ્રૂફ, છેડછાડ ન કરી શકાય તેવા ટૅમ્પર પ્રૂફ કન્ટેઇનર્સ | ઓટોક્લેવિંગ કે ડ્રાય હિટ સ્ટરિલાઇઝેશન, ત્યારબાદ કાપીને કે ટુકડા કરીને અથવા મેટલ કન્ટેનરમાં ઇન્કૅપ્સ્યૂલેશન કરીને અથવા સીમેન્ટ કોન્ક્રિટ કરીને, ટુકડા કરવાની અને જીવાણુંરહિત બન્ને પદ્ધતિઓને જોડીને, આખરી નિકાલ માટે, રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ – જીપીસીબી કે પોલ્યુશન કન્ટ્રોલ કમિટિની મંજૂરી મેળવેલ, લોખંડની ફાઉન્ડ્રિઝને આપીને, અથવા સેનીટરી લેન્ડફિલ કે અધિકૃત કોન્ક્રિટ વેસ્ટ શાર્પ પીટમાં નિકાલ કરવાનો છે. |
| ભૂરો | **(એ) કાચની ચીજ-વસ્તુઓઃ**<br>દવાની વાયલ્સ અને એમ્પૂલ્સિસ સહિત,પરંતુ, ચેપગ્રસ્ત થયેલ સાઇટોટોક્સિક વેસ્ટ સિવાય, તૂટી ગયેલી કે નકામી ફેંકવાની અને ચેપગ્રસ્ત થયેલ **કાચની ચીજ-વસ્તુઓ.** | ભૂરારંગના માર્કિંગ/નિશાન સાથેના કાર્ડબોર્ડ બોક્સિસ. | ડિસ્ઇન્ફેક્શન (કાચના વેસ્ટને હાઇપોક્લોરાઇટ ટ્રિટમેન્ટ કરવા તેમાં ડૂબાવીને ધોવું અને ડિટર્ઝન્ટથી સાફ કરવું) અથવા ઓટોક્લેવિંગ કે માઇક્રોવેવિંગ કે હાઇડ્રોક્લેવિંગ કર્યાબાદ રિસાયક્લિંગ માટે મોકલવાનો છે. |

| કેટેગરી | બાયો-મેડિકલ વૅસ્ટનો પ્રકાર | ઉપયોગમાં લેવાની બૅગ કે કન્ટેઇનર | ટ્રિટમેન્ટઅને નિકાલના વિકલ્પો |
|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) |
| | (બી) મેટાલિક બોડી ઇમ્પ્લાંટ્સ | ભૂરા રંગના માર્કિંગ/નિશાન સાથેના કાર્ડબોર્ડ બોક્સિસ. | |

*બાયો-મેડિકલ વૅસ્ટને જમીનમાં ઊંડેં દાટવાની પરવાનગી કોમન બાયો-મેડિકલ વૅસ્ટ ટ્રિટમેન્ટ ફેસિલિટી સુધી પહોંચી શકાય તેમ ન હોય, માત્ર તેવા જ ગ્રામિણ અથવા દૂરવર્તી વિસ્તારોમાં આપવામાં આવે છે. પ્રિસ્ક્રાઇબ્ડ ઓથોરિટી-જીપીસીબીની આગોતરી મંજૂરી મેળવીને, તેમજ આ નિયમો સાથે સામેલ શેડ્યૂલ-૩માં દર્શાવેલ ધારણોને અનુસર્યા બાદ જ, બાયો-મેડિકલ વૅસ્ટને જમીનમાં ઊંડેં દાટવાની આ પદ્ધતિ અપનાવી શકાય. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરાયેલ માર્ગદર્શક સૂચના મુજબ બાયો-મેડિકલ વૅસ્ટને જમીનમાં ઊંડેં દાટવાની આ પદ્ધતિ માટે યોગ્ય સ્થળની પસંદગી કરવાની રહે છે.